ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

અધિક જેઠ માસ નિમિત્તે પાદરાના પ્રાચીન બળિયાદેવ મંદિરે કાંઠાગોરની સ્થાપના

પાદરા : પાદરા શહેરના ગણેશ ચોક વિસ્તારમાં આવેલ પ્રાચીન બળિયાદેવ મંદિરે અધિક જેઠ માસના પાવન અવસરે કાંઠાગોરની વિધિવત સ્થાપના કરવામાં આવી છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું છે અને મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી રહ્યા છે. મંદિરના વહીવટકર્તા અને પુજારી બ્રિજેશ મહારાજના માર્ગદર્શન હેઠળ દરરોજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કથા વાંચન, ધાર્મિક પ્રવચનો તેમજ મહિલાઓ દ્વારા ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવે છે. ભજન-કીર્તનના સુમધુર સ્વરો અને ધાર્મિક વાતાવરણથી મંદિર પરિસર ભક્તિમય બની રહ્યું છે. અધિક માસને હિંદુ ધર્મમાં વિશેષ પુણ્યદાયી માનવામાં આવે છે. તેથી શ્રદ્ધાળુઓ કાંઠાગોરના દર્શન, પૂજન અને વ્રત-ઉપવાસ કરી ધર્મલાભ મેળવી રહ્યા છે. દરરોજ સવારે અને સાંજે મોટી સંખ્યામાં મહિલાઓ તથા નગરજનો મંદિર ખાતે પહોંચી પૂજા-અર્ચના કરી રહ્યા છે.

પાદરા-વડું પંથકની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ, બાળકોના કલરવથી ગુંજી ઉઠી સ્કૂલો

પાદરા : ઉનાળાના લાંબા વેકેશન બાદ પાદરા-વડું પંથક સહિત સમગ્ર તાલુકાની શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળાઓ ફરી એકવાર વિદ્યાર્થીઓના કલરવથી જીવંત બની ઉઠી હતી. પ્રથમ જ દિવસે વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારથી જ વિદ્યાર્થીઓ નવા યુનિફોર્મ, નવા બેગ અને શૈક્ષણિક સામગ્રી સાથે ઉત્સાહભેર શાળાઓ તરફ જતા નજરે પડ્યા હતા.લાંબા સમય બાદ મિત્રો અને શિક્ષકોને મળવાની ખુશી બાળકોના ચહેરા પર સ્પષ્ટપણે ઝળકી રહી હતી. શાળાના પ્રાંગણમાં ફરી એકવાર બાળકોના હાસ્ય અને કલરવનો માહોલ છવાઈ ગયો હતો. તાલુકાની વિવિધ શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત નિમિત્તે વિશેષ કાર્યક્રમો યોજાયા હતા. પ્રાર્થના સભામાં શિક્ષકોએ વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ, શૈક્ષણિક આયોજન અને શિસ્ત અંગે માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ પણ નવા શૈક્ષણિક વર્ષમાં શ્રેષ્ઠ પરિણામ મેળવવા અને નિયમિત અભ્યાસ કરવા સંકલ્પ લીધો હતો.વિદ્યાર્થીઓના સ્વાગત માટે અનેક શાળાઓમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. વર્ગખંડોને આકર્ષક રીતે સજાવવામાં આવ્યા હતા. વેલકમ પોસ્ટરો, રંગબેરંગી ગુબ્બારાઓ અને નવા સમયપત્રક સાથે શાળાઓ ઉત્સવમય બની ગઈ હતી.

વડોદરા જિલ્લામાં ગોરિયાદ ગામ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા રેલી યોજાઇ

વડોદરા : વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ પૂર્ણ થવાના અવસરે વડોદરા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વિવિધ લોકકલ્યાણના કાર્યક્રમોનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપ વડોદરા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત આજથી આગામી તા.૧૪-૦૬-૨૦૨૬ સુધી સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને દિવસવાર પ્રવૃતિઓ યોજાનાર છે. આજરોજ અભિયાનના પ્રારંભરૂપ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ ગોરિયાદ ગામ ખાતે સ્વચ્છતા અભિયાન સપ્તાહ અંતર્ગત ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં ગ્રામ પંચાયતના વિવિધ કર્મચારીઓ, તાલુકા પંચાયત કચેરીના વિસ્તરણ અધિકારી પ્રતિનિધિઓ, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકશ્રીઓ, મહિલા મંડળના સભ્યો તેમજ જાગૃત ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પાદરાની ગીતાંજલિ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનું તિલક કરી ભવ્ય સ્વાગત

પાદરા : રાજ્યભરમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. શાળાઓ ફરીથી વિદ્યાર્થીઓના કિલ્લોલથી ગુંજી ઉઠી છે. પાદરાની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ગીતાંજલિ વિદ્યાલય ખાતે નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું ભવ્ય અને અનોખી રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. લાંબા વેકેશન બાદ શાળામાં પહોંચેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળાના શિક્ષકો તથા સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા, જ્યારે વાલીઓનું પણ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રથમ જ દિવસે શાળાનું હર્ષોલ્લાસભર્યું વાતાવરણ જોઈ વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. નવા શૈક્ષણિક વર્ષને યાદગાર બનાવવા માટે શાળા દ્વારા વિવિધ શૈક્ષણિક અને મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડોદરા જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો જોગ

વડોદરા : વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમલીકૃત થનારી નવી સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે અરજી કરવા માટે બાગાયતદારો માટે । Khedut પોર્ટલ 2.0 આગામી તા.૧૯/૦૬/૨૦૨૬ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેથી અનુસુચીત જાતી, અનુસુચીત જન જાતી અને સામાન્ય જાતીના બાગાયતદારો ઉપરોક્ત યોજનાઓમાં લાભ લેવા માટે પોતાના નજીકના ગામના ઇ-ગ્રામ સેન્ટર અથવા ખાનગી ઇન્ટરનેટ પર ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે ikhedut.gujarat.gov.in સાઇટ લઇ જઇને સમયસર અરજી કરવા કરવી તથા અરજીની પ્રીંટ આઉટ અચુક કાઢી લેવી. નવી યોજનાઓમાં બહુસ્તરીય પધ્ધતીથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ, ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ અને રાઇઝોમેટીક (આદુ, હળદર) પાકોને પ્રોત્સાહિત કરવા માટેની યોજના છે. વધુ જાણકારી માટે આપના તાલુકાના બાગાયત અધિકારીશ્રી અથવા નાયબ બાગાયત નિયામકની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા (ફોન.નં. ૦૨૬૫-૨૪૨૯૧૫૩) ખાતે સંપર્ક કરવા માટે અખબારી યાદી મારફત જણાવાયું છે.

પશુ ક્રૂરતા અને ગેરકાયદે હેરાફેરીનો ગુનો નોંધાયો

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે નજીક ટ્રકમાંથી ૧૬ ભેંસો મુક્ત કરાઈ

રાજસ્થાનથી કતલખાને લઈ જવાતી હોવાની આશંકા: ઘાસચારા કે પાણી વિના પશુઓને ખીચોખીચ ભર્યા હતા

(પ્રતિનિધિ) પાદરા, તા.8

પાદરા તાલુકાના સરસવણી ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના બ્રિજ નીચે પાદરા પોલીસે કાર્યવાહી હાથ ધરી ટ્રકમાં ક્રૂરતાપૂર્વક ભરેલી 16 ભેંસોને મુક્ત કરાવી પશુઓની ગેરકાયદે હેરાફેરી કરતા એક આરોપી સામે ગુનો નોંધ્યો છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પાદરા પોલીસને મળેલી બાતમીના આધારે સરસવણી ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના બ્રિજ નીચે વાહન ચેકિંગ દરમિયાન રાજસ્થાન નંબરની ટ્રક રોકી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાં 16 ભેંસોને અત્યંત ખરાબ અને ક્રૂર સ્થિતિમાં ખીચોખીચ ભરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ભેંસોને હલનચલન ન કરી શકે તે રીતે દોરડાથી પગ અને મોઢાના ભાગે બાંધી દેવામાં આવી હતી. પશુઓ માટે પાણી કે ઘાસચારા જેવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ઉપરાંત પશુઓના પરિવહન માટે જરૂરી પાસ-પરમિટ, સક્ષમ અધિકારીના દાખલા તેમજ પશુચિકિત્સકનું પ્રમાણપત્ર પણ ડ્રાઈવર પાસે મળી આવ્યું ન હતું. આ મામલે ટ્રકના ચાલક કલારામ ઉર્ફે કૈલાશ હકારામ ભીલ (રહે. અરટી ગામ, જી. બાડમેર, રાજસ્થાન) સામે ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિનિયમ, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ તથા મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ ભેંસોને કતલખાને લઈ જવાના હેતુથી ગેરકાયદે હેરાફેરી કરવામાં આવી રહી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન પશુઓને સુરક્ષિત રીતે ઉતારી તેમની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.સી. ધુમ્મડના માર્ગદર્શન હેઠળ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કંડારીની નવીનગરીમાં તસ્કરોનો તરખાટ,૨૫ લાખના દાગીનાની ચોરી

ઘરમાલિક બહાર જતા તસ્કરોએ તોડ્યો ઘરમાં પ્રવેશનો માર્ગ, 12 તોલા સોના-ચાંદીના દાગીના લઈ ફરાર

(પ્રતિનિધિ) કરજણ, તા.8

કરજણ તાલુકાના કંડારી ગામની ગૌચરમાં આવેલી નવીનગરીમાં ચોરીની મોટી ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા તસ્કરોએ એક રહેણાંક મકાનને નિશાન બનાવી આશરે 25 લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતાં સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ, નવીનગરી વિસ્તારમાં રહેતા રમણભાઈ માધવભાઈ મકવાણા પોતાના સગાસંબંધીઓની ખબર-અંતર લેવા માટે ઘર બહાર ગયા હતા. આ તકનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરોએ ઘરના સ્ટોપર તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ઘરમાં રાખેલા આશરે 12 તોલા સોના-ચાંદીના કિંમતી ઘરેણાંની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. મકાન માલિકના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે અંદાજે 9 થી 9:30 વાગ્યાની વચ્ચે બની હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચોરી થયેલા મુદ્દામાલની અંદાજિત કિંમત આશરે 25 લાખ રૂપિયા હોવાનું જણાવાયું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરી ઈજા પહોંચાડનાર આરોપીઓ સામે કાર્યવાહી

પોલીસ પર હુમલાનો કેસ: આરોપી અને આશરો આપનારને ડભોઈ પોલીસે દબોચ્યા

(પ્રતિનિધિ) ડભોઈ, તા.8

ડભોઈમાં ગત સપ્તાહે બે જૂથો વચ્ચે થયેલી મારામારીના બનાવ બાદ સમાધાન પ્રક્રિયા દરમિયાન પોલીસ પર હુમલો કરનાર આરોપીઓ અને તેમને આશરો આપનાર સામે ડભોઈ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હાઈ-પ્રોફાઈલ ગણાતા આ કેસમાં આરોપીઓને ઝડપવા માટે જિલ્લા પોલીસની વિવિધ એજન્સીઓ સક્રિય બની છે.

મળતી માહિતી મુજબ, બે જૂથો વચ્ચે થયેલા વિવાદ બાદ પોલીસ કાર્યવાહી કરી રહી હતી ત્યારે એક જૂથનું ઉપરાણું લઈને કેટલાક શખ્સોએ મહુડીભાગોળ વિસ્તારમાં ફરજ પર રહેલા

પોલીસ કર્મચારીઓનો વિરોધ કર્યો હતો. "આપણા જ લોકોને શા માટે પકડો છો?" કહીને ઉશ્કેરાયેલા ટોળાએ બે પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો સહિત હુમલો કર્યો હતો, જેમાં બંને પોલીસકર્મીઓને શારીરિક ઈજાઓ પહોંચી હતી. ઘટનાનો લાભ લઈને કેટલાક આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

આ કેસમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે વિશેષ અભિયાન હાથ ધર્યું છે. તપાસ દરમિયાન મુખ્ય આરોપી વારીસ અલી સૈયદને આશરો આપનાર તેના જમાઈ ઈકબાલ હુસેન કાજીને પણ પોલીસે વિવિધ ટીમોની મદદથી ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ડભોઈ પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની કલમ 109(1), 189(2), 190, 191(2), 191(3), 115(2), 221 અને 121(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પોલીસ પર હુમલો કરનાર તેમજ આરોપીઓને આશરો આપનાર તમામ વ્યક્તિઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

પ્રેમ સંબંધનો વિવાદ હત્યામાં પરિણમ્યો: ડેસરમાં ઘેરા પ્રત્યાઘાત

(પ્રતિનિધિ) ડેસર, તા.8

જેના પગલે આજરોજ વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા ડેસર અને વાલાવાવ ગામો માં હત્યા ના વિરોધમાં પોલીસ દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરે તે બાબતે બંધનો એલાન આપવામાં આવ્યું હતું ત્યારે તમામ બજારો સજ્જડ બંધ રહ્યા હતા. ડેસર તાલુકાના નવા કેસરાના મુવાડા ના 29 વર્ષીય યુવક ધર્મેશ ઉર્ફે ધર્મેન્દ્ર નરસિંહભાઈ પરમારના મોતના કેસમાં પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સપાટી ઉપર આવી હતી શરૂઆતમાં ગુમ થયેલા યુવકનો મૃતદેહ મળતાં અકસ્માત મોતનો ગુનો નોંધાયો હતો, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને સાક્ષીઓના નિવેદનો બાદ હવે સમગ્ર મામલો હત્યામાં ફેરવાયો હતો. 4 જૂનના રોજ રાત્રે ડેસર-વાલાવાવ રોડ નજીક આવેલા ખેતર વિસ્તારમાં પ્રેમ સંબંધને લઈને વિવાદ સર્જાયો હતો. નવા કેસરાના મુવાડાના નિલેશ ઉર્ફે સનો પરમાર અને ડેસરની યુવતી વાતચીત કરી રહ્યા હતા ત્યારે કેટલાક લોકો ત્યાં પહોંચી ગયા હતા. ત્યારબાદ ઉગ્ર બોલાચાલી અને મારામારીનો બનાવ બન્યો હતો.

પાદરા તાલુકાના પિંડાપા ગામે યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પાદરા: પાદરા તાલુકાના પિંડાપા ગામની સીમમાં આવેલા એમ.બી.સી. બ્રિક્સ ઈંટ ભઠ્ઠા ખાતે રહેતા ઉત્તર પ્રદેશના એક યુવાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ અંગે વડુ પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. ટીન્કુભાઈ ભુરેલાલ ઉર્ફે દીવારીલાલ માથુર (ઉ.વ. 22), મૂળ રહેવાસી ગામ ચિરોલા, તા. પટીયાલી, જી. કાસગંજ (ઉત્તર પ્રદેશ) તથા હાલ પિંડાપા ગામે આવેલા એમ.બી.સી. બ્રિક્સ ઈંટ ભઠ્ઠા ખાતે મજૂરી કામ કરતા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ તા. 6 જૂનના રોજ સાંજના સમયે ટીન્કુભાઈ અને તેમના સગાભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી.

વાઘોડિયા નગરમાં ટાવર પાસે સોની ફળિયામાં ત્રીજા માળેથી પટકાતા શ્રમજીવી યુવકનું મોત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.8

વાઘોડિયા નગરમાં ટાવર પાસે આવેલા સોની ફળિયામાં આજે બપોરે એક શ્રમજીવી કામ કરતા સમયે ત્રીજા માળેથી જમીન પર પટકાતા કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. સોની ફળિયામાં રહેતા રાકેશ કુમાર જયંતીલાલ શાહના મકાનમાં છત ઉપર એલીવિશન ની પેરાફીટ તોડવાનું કામ રાઠોડિયા મયુરભાઈ રોહિતભાઈ ઉંમર (20) રહે. ગુગલીયાપૂરા, નવી નગરી કરી રહ્યા હતા.હાથ માં હથોડી લઈ પેરાફિટ તોડતા યુવકનું પેરાફિટ નો અડધો જેટલો ભાગ તૂટતા બેલેન્સ બગડ્યું હતું અને એ ત્રીજા માડે થી પેરાફીટ સહિત નીચે પટકાયો હતો. ગ્રાઉન્ડ ફ્લોર પર વરસાદી સ્ટેક્ચર પર અથડાઈ રોડ પર પડ્યો હતો, છત્તા મોતે પીછો છોડ્યો ન હતો યુવક ઊભો થવા જાય તે

પહેલા પેરાફીટ નો મોટો ટુકડો તેના માટે પડતા તેનું માથું ફાટી ગયું હતું. અને ઘટના સ્થળે પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ઘટનાની જાણ તેના પરિવારને થતા ઘટના સ્થળે દોડી આવી આક્રંદ મચાવ્યો હતો એકનો એક જુવાન જોધ પુત્રના મોતથી પરિવાર પર આભ ફાટી પડ્યું હતું. ઘટનાની જાન વાઘોડિયા પોલીસને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

છોટાઉદેપુર ગેરકાયદે મુસાફરી કરાવતા ૭ વાહનો ડિટેન કરાયા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.8

છોટાઉદેપુર જિલ્લામાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ પર અંકુશ લાવવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડાની સૂચના અનુસાર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા એક ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત છોટાઉદેપુર અને કવાંટ પંથકમાં ગેરકાયદેસર તેમજ ભયજનક રીતે મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

કેટલાક વાહન ચાલકો પોતાના આર્થિક ફાયદા માટે મુસાફરોના જીવ જોખમમાં મૂકીને વાહનોની છત પર પેસેન્જરો બેસાડીને ઓવરલોડ વહન કરતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતને

ગંભીરતાથી લઈ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતા છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૨ વાહનો અને કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૫ વાહનો મળી કુલ ૭ ઓવરલોડ વાહનોને કલમ ૨૦૭ મુજબ ડિટેઈન કરવામાં આવ્યા છે.

ડેસર પસાર થતી મેસરી નદીના ખાડામાં ૨ વાછરડા ફસાયા

એક માસ અગાઉ પશુપાલકની એક ભેંસ પણ ચીકણી માટીમાં ગરકાઉ થઈ ને મોતને ભેટી હતી

(પ્રતિનિધિ) ડેસર, તા.8

ડેસર તાલુકા ના છાલીયેર નજીક થી પસાર થતી મેસરી અને કવચ નદીઓ માં રેતી માફિયાઓ દ્વારા રેતી ઉલેચવા માટે આડેધડ ખોદાયેલા ઊંડા ખાડા મુસીબત સમા સાબિત થઈ રહ્યા છે આ ખોદાયેલા ખાડા થોડા ઘણા નથી ઠેર ઠેર સો દોડશો ફૂટ ઊંડા ખોદવામાં આવ્યા છે છાલીયેર સહિત નજીકના ગામો ના પશુપાલકો માટે દરરોજની મુસીબત સાબિત થઈ રહ્યા છે રોજબરોજ પોતાના પશુઓને નદી કિનારા વિસ્તારના કોતર માં ચરાવવા માટે આવતા હોય છે જ્યારે જ્યારે પશુ પાણી પીવા માટે નદીમાં ઉતરે છે ત્યારે રેતી ખનન કરનારે ખોદેલા મહાકાય ખાડામાં ચીકણી માટી હોવાના કારણે ફસાઈ જાય છે કલાકોની મહેનત બાદ બહાર કાઢવામાં સફળતા મળે છે આજે તા ૮ મી મેં ના રોજ છાલીયેરના પશુપાલક ગોપાલ સોલંકીના બે વાછરડા નદીના ઊંડા ખાડામાં ફસાયા હતા. ઘણી મહેનત કરી છતાં કાઢવામાં સફળતા મળી નથી ટ્રેક્ટર બોલાવી દોરડું બાંધીને ખેંચવાના પ્રયત્નો છેલ્લી ઘડી સુધી કરાયા હતા. એક માસ અગાઉ પશુપાલકની ભેંસ આ ખાડામાં ફસાવાથી મોતને ભેટી હતીફ

પગ લપસતાં ઊંડા પાણીમાં ગરકાવ થયેલા યુવકનો મૃતદેહ મળ્યો

પોઈચા નજીક મહીસાગરમાં જબાપુરાનો યુવક ડૂબી જતાં મોત

(પ્રતિનિધિ) સાવલી, તા.8

સાવલી તાલુકાના પોઈચા કનોડા ગામ નજીકથી પસાર થતી મહીસાગર નદીમાં 30 વર્ષીય યુવક ડૂબી જતાં મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી હતી. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો સાવલી તાલુકાના જબાપુરા ગામના રહેવાસી વનરાજસિંહ ચૌહાણ (ઉ.વ. 30) મહીસાગર નદીમાં નહાવા માટે ઉતર્યો હતો. તે દરમિયાન તેનો પગ લપસી જતાં નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક

તરવૈયાઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે શોધખોળ બાદ યુવકનો મૃતદેહ મહીસાગર નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસને જાણ થતા ઘટના સ્થળ પર પહોંચી ને મૃતદેહનો કબજો મેળવી આગળની તપાસ હાથ ધરી હતી.

યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જન્મોત્રી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે દુર્ઘટના ને પગલે જબાપુરા સહિત આસપાસના વિસ્તારમાં શોકનુ મોજું ફરી વળ્યુ હતું તસવીરમાં જબાપુરા ગામનો યુવાન મહી નદીમાં નાહવા ગયો તે સમયે ડૂબી જતા તેની શોધખોળ દરમિયાન ની તસ્વીરો નજરે પડે છે તેમજ ડૂબી જનારની ફાઈલ તસવીર જણાય છે.

વિવિધ મુદ્દે આદિવાસી સમાજના યુવાનોનું કલેક્ટરને આવેદનપત્ર

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.8

અનુસૂચિત વિસ્તારના ગામોમાં ગ્રામસભાની મંજૂરી વિના જમીન સંપાદન માટે કરવામાં આવી રહેલા સર્વે અને કામગીરીને તાત્કાલિક બંધ કરવા, જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવા. તેમજ નલ સે જલ યોજના અને નર્મદાના પાણીના યોગ્ય વિતરણ સહિતના મુદ્દાઓને લઈને રજૂઆત કરવામાં આવી છે. સમિતિએ ચેતવણી આપી છે કે જો કાયદાકીય જોગવાઈઓનું પાલન નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી હતી.

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આદિવાસી યુવા સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા અને વિવિધ પ્રશ્નોને લઈને આવેદન

આપ્યું હતું.

સમિતિએ જણાવ્યું હતું કે જિલ્લાના અનુસૂચિત પંચાયત વિસ્તારોમાં અનેક વિકાસ પ્રોજેક્ટો, રોડ, ઔદ્યોગિક એકમો તેમજ અન્ય સરકારી યોજનાઓ માટે જમીન સંપાદન અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ પંચાયત (વિસ્તાર વિસ્તરણ) અધિનિયમ એટલે કે પેસા કાયદા મુજબ ગ્રામસભાની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત હોવા છતાં ઘણી જગ્યાએ આ પ્રક્રિયાને અવગણીને કામગીરી કરવામાં આવી રહી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

વડોદરા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનમાં ભુલકાઓનો અદમ્ય ઉત્સાહ

વડોદરા : ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ યોજાનારા સ્વચ્છતા અભિયાનનો આશય ગ્રામીણ અને શહેરી સ્તરે સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ લાવવા અને જાહેર સ્થળોને કચરામુક્ત બનાવવાનો છે. જે અંતર્ગત વડોદરા જિલ્લા તંત્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સ્વચ્છ ભારત મિશન દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં સફાઈ પ્રવૃત્તિઓ અને જનજાગૃતિના કાર્યક્રમો ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવ્યા છે. આજ રોજ વડોદરા તાલુકાના વડસાલા ગ્રામપંચાયત ખાતે સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમા સામેલ નાના-નાના ભુલકાઓ ઉત્સાહભેર સ્વચ્છતાના સુત્રોચ્ચાર કરતા હતા. જેના કારણે ગામમા ભુલકાઓના મિઠા સુત્રોચ્ચાર ગુંજી ઉઠ્યા હતા. આ રેલીમાં તાલુકા પંચાયતના સભ્યો, આંગણવાડીની બહેનો, વિવિધ કર્મચારીઓ, તથા ગ્રામજનોએ ભાગ લીધો હતો.